सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૩/૧/૨૦૨૫ | | |
| રજીસ્ટર તારીખ | ૨૩/૧/૨૦૨૫ | | |
| નિકાલ તારીખ | ૦૭/૦૫/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | | | |

## ૮મા અધીક જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (કુ. એમ.ડી.જાદવ મેડમ) ની કોર્ટ સમક્ષ, મુ. રાજકોટ.

| | |
|---|---|
| **ફોજદારી કેસ ક્રમાંક:–** | **૧૭૭૬ /૨૫** |
| **આંક:–** | |
| પ્રથમ બાતમી અહેવાલ ક્રમાંક:– | ૧૧૨૦૮૦૦૧૨૫૦૦૦૩ /૨૫ |
| પોલીસ સ્ટેશન:– | મહીલા |
| **ફરિયાદી:–** | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષે:– | વિ.એપીપીશ્રી કે. બી. જાડેજા |
| **આરોપી:–** | ૧. અલ્તાફ સ/ઓ યાસીનભાઇ આમદાણી.<br>૨. મુમતાજબહેન યાસીનભાઇ આમદાણી.<br>૩. સબાનાબેન જાકીરભાઇ અલ્લાણી.<br>૪. અકરમભાઇ યાસીનભાઇ આમદાણી.<br>૫. અબ્દુલભાઇ સતારભાઇ આમદાણી.<br>૬. નસીમબહેન અબ્દુલભાઇ આમદાણી.<br>રહે."બાગ યાસીન" નહેરૂ નગર, શે.નં.૧, આઝાદ ચોક રાજકોટ |
| બચાવપક્ષે:– | વ. શ્રી. એચ.એમ.જાની |

| | |
|---|---|
| ગુનાની તારીખ:– | ૦૧ / ૦૫ / ૨૪ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ:– | ૧૦ / ૦૫ / ૨૫ |
| આખરી અહેવાલ રજુ થવાની તારીખ:– | ૨૩ / ૦૧ / ૨૫ |
| તહોમતનામુ ઘડયા તારીખ:– | ૦૬ / ૦૩ / ૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ:– | ૦૧ / ૦૮ / ૨૫ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ:– | **૦૨ / ૦૫ /૨૬** |
| **ચુકાદાની તારીખ:–** | **૦૭/૦૫/૨૦૨૬** |

| | |
|---|---|
| આખરી હુકમ:– | નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. |

## –:: આરોપીની વિગત ::–

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૧. અલ્તાફ સ/ઓ યાસીનભાઇ આમદાણી. ૨. મુમતાજબહેન યાસીનભાઇ આમદાણી. ૩. સબાનાબેન જાકીરભાઇ અલ્લાણી. ૪. અકરમભાઇ યાસીનભાઇ આમદાણી. ૫. અબ્દુલભાઇ સતારભાઇ આમદાણી. ૬. નસીમબહેન અબ્દુલભાઇ આમદાણી. | ૧૧ / ૧ / ૨૫ | | બી એન એસ ની કલમ– ૮૫ ૧૧૫(૨) ૩૫૨ ૫૪ઈ | નિર્દોષ | –– | –– |

## –:ચુકાદાનું પરિશિષ્ટ:–

**<u>ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષી</u>**

અ. ફરિયાદપક્ષ ના મૌખીક પુરાવા ચુકાદા મુજબ

અ. ફરિયાદપક્ષ ના દસ્તાવેજી પુરાવા ચુકાદા મુજબ

** બ. બચાવપક્ષ**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|

| | | |
|---|---|---|
| બચાવપક્ષે સાહેદ ક્રમાક | બચાવપક્ષે કોઈ સાહેદ તપાસેલ નથી. | --- |

**<u>ક. અદાલત દ્વારા</u>**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| અદાલત દ્વારા તપાસેલ સાહેદ ક્રમાક | અદાલત દ્વારા પણ કોઈ સાહેદ તપાસેલ નથી. | --- |

**<u>બ. બચાવ</u>**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | બચાવપક્ષે કોઈ પુરાવા રજુ થયેલ નથી. | - |

**<u>ક. ન્યાયલય</u>**

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | અદાલત દ્વારા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી. | - |

**<u>ડ. ભૌતિક પદાર્થ</u>**

| અનુક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | -- | -- |

## -: ચૂ કા દો :-

(૦૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદીના આરોપી નં.૧ પતિ, નં.૨ સાસુ, નં.૩ નણંદ, નં.૪ જેઠ, નં.૫ માસા સસરા, તથા નં.૬ માસી સાસુ થાય છે. તા. ૦૧/૦૫/૨૦૨૪ના રોજથી આજ દિન સુધી તમો આરોપીઓએ ફરિયાદીને ઘરની નાની નાની વાતોમાં મેણાટોણા મારી, મારકુટ કરી, શારીરિક માનસીક દુ:ખ ત્રાસ આપી, ઉપરોકત ગુનામાં એક બીજાને મદદગારી કરી બી. એન. એસ. ની કલમ-૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૫૪ મુજબનો ગુનો કરેલ જેની ફરિયાદીએ ફરિયાદ નોંધાવતા તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતા હાલનું ચાર્જશીટ દાખલ કરેલ

છે.

(૦૨) ત્યારબાદ ચાર્જશીટ કોર્ટમાં રજુ થતા, કોર્ટ દ્બારા આ કામના આરોપી ને સમન્સ કરતા આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા આરોપી ને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ **આંક– ૧૬** થી તહોમતનામુ ફરમાવી આરોપી ની **આંક– ૧૭ થી ૨૨** થી પ્લી નોંધતા આરોપીએ પોતાની સામેના તહોમતનો ઈન્કાર કરી સદર કેસ આગળ ચલાવવો છે તેમ જણાવતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ અને કેસનું કામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવા પર કામ મુલત્વી રાખવામાં આવેલ.

(૦૩) ત્યારબાદ ફરીયાદીપક્ષ દ્બારા તેમનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**–: મૌખીક પુરાવો :–**

| ક્રમ | સાહેદનું નામ તથા વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી જસ્મિન ઉર્ફે મહેકબેન અલ્તાફ અ ◌ામદાણીની જુબાની | ૨૯ |
| ૨ | સાહેદ રેશમાબેન રફીકભાઇ ભોજાણી જુબાની | ૩૧ |
| ૩ | સાહેદ રીઝવાનાબેન રહીમભાઇ કાલાવડીયાનીજુબાની | ૩૪ |
| ૪ | સાહેદ સલીમ દાદાભાઇ મુલ્લાની જુબાની | ૩૬ |
| ૫ | પોલીસ સાહેદ ત.ક.અ રેખાબેન મધુસુદનભાઈ સાવલીયાની જુબાની | ૩૮ |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદની નકલ | ૩૦ |
| ૨ | એફ.આઈ.આર. અસલ | ૧૪ |

(૦૪) ઉપર મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ પડેલ પુરાવાને આધારે આ કામના આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમા આરોપીએ તેની સામેના પુરાવા માંની હકીકતનો ઇન્કાર કરેલ છે.

(૦૫) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે તેમના વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળેલ છે.

(૦૬) હાલના કેસના ન્યાયીક નિર્ણય તથા નિકાલ અર્થે આત્રેની કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**-: મુદ્દા :-**

૧. શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના ફરિયાદીના આરોપી નં.૧ પતિ, નં.૨ સાસુ, નં.૩ નણંદ, નં.૪ જેઠ, નં.૫ માસા સસરા, તથા નં.૬ માસી સાસુ થાય છે. તા. ૦૧/૦૫/૨૦૨૪ના રોજથી આજ દિન સુધી તમો આરોપીઓએ ફરિયાદીને ઘરની નાની નાની વાતોમાં મેણાટોણા મારી, મારકુટ કરી, શારીરિક માનસીક દુ:ખ ત્રાસ આપી, ઉપરોકત ગુનામાં એક બીજાને મદદગારી કરી બી. એન. એસ. ની કલમ-૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

(૦૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

(૦૮) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ

આપેલા છે.

**:: કા ર ણો ::**

**મુદ્દા નંબર–૧ ની ચર્ચા :–**

(૦૯) ફરિયાદપક્ષ તરફે પોતાના કેસની હકીકત સાબીત કરવા માટે આ કામે સૌપ્રથમ આંક– ૨૯ થી ફરિયાદી જસ્મિન ઉર્ફે મહેકબેન અલ્તાફ આમદાણીની સોગંદ પર જુબાનીમા જણાવે છે કે, તારીખ ૨૫/૦૧/૨૦૨૪ નારોજ તેણીના લગ્ન રાજકોટના રહેવાસી અલ્તાફભાઈ યાસીનભાઈ આમદાણી નાઓ સાથે સમાજના રીતીરિવાજ મુજબ ઉપલેટા ખાતે થયેલા અને લગ્ન બાદ તેણી પોતાના પતિ અને સાસરિયાઓ સાથે નહેરુનગર રાજકોટ ખાતે સંયુક્ત પરિવારમાં રહેવા આવેલી અને પતિ તથા સાસુ મુમતાઝબેન તથા નણંદ સબાનાબેન તથા જેઠ અકરમભાઈ તથા નણંદ સબાનાબેન નાઓ સાથે સંયુકત પરિવારમાં રહેવા ગયેલી જ્યા ત્રણ મહિના તેણીનુ ઘર સારી રીતે ચાલેલુ ત્યારબાદ તેણીના પતિ અને સાસરીયાઓ સાથે રહેવા ગયેલા ત્યા તેણીના માતા પિતા સાથે ન બોલવાના શબ્દો બોલતા "તારી મા એ તને કંઈ શિખવાડ્યુ નથી અને તને રસોઈ કરતી ત્યારે પણ આ વસ્તુ આટલી કેમ થઈ ગઈ તેવી નાની બાબતોમાં મને સંભળાવતા હતા" અને તેણીના નણંદ પણ ન બોલવાના શબ્દો બોલતા અને તેણીના પિયર જવાનુ કહે તો પતિ તથા સાસુ બન્ને એકબીજાના બહાના કાઢી પિયર જવાની હા પાડતા નહી અને તેણીના મમ્મી બીજા ઘરના ઘરકામ કરી ગુજરાન ચલાવતા હોય તે બાબતે લઈને સાસુ તથા માસિ સાસુ તેણીની મા બિજાના ઘરના કામ કરીને રોટીના બટકા માટે આખો દિવસ બહાર પડી રહે છે તેવુ કહી તેણીને અપમાનીત કરતા અને નણંદે ન બોલવાના શબ્દો બોલેલ અને હાથ ઉપાડવાનો પ્રયત્ન કરેલ અને ધક્કો મારેલ અને સાસુએ તથા પતિએ તેણીના મમ્મીને ફોન કરીને કહેલ કે તમારી છોકરીને તુ લઈ જા તે અમારે આજે પણ ન જોઈએ અને કાલે પણ ન જોઈએ અને તેણીની મમ્મી ઘરે આવેલા ત્યારે તેણી તેમની સાથે જતી હતી ત્યારે સાસુ અને નણંદે તથા માસી સાસુએ તેણીની બેગ ચેક કરેલ અને તેણીના મમ્મી ત્યા આવે ત્યારે જેમ તેમ બધા

બોલતા અને તેણીના મમ્મી લેવા આવેલા ત્યારે બધા વાત કરતા હતા ત્યારે તેણીના હાથ ઉંચા કરી વાત કરતા  માસી સાસુએ તેણીના પતિને એવુ કહેલ કે તેણીનો હાથ તોડી નાખ ઘરમાં તેણીનો હાથ ઉંચો થવો ન જોઈએ અને તેણીને અને તેના મમ્મીને એવુ કહેલ કે બન્ને મા દિકરી નીકળો અહીથી અને ફરીવાર અમારા ઘરમાં પગ ન મુકતા, અને કહેલ કે "મારે તુ આજે પણ ન જોઈએ અને કાલે પણ ન જોઈએ." તેણી સાસરે હતી ત્યારે કામ બાબતે  કહેતા કે "તારે આ બધુ તો કરવુ જ પડશે તુ ગરીબ ઘરની છો અને કામ કરવા માટે લઈ આવચા છીએ એવુ મારા સાસરીયા કહેતા." તેણીના માસાજી તથા માસીજી તથા  સાસુ તથા તેણીના પતિને ચડામણી કરતા અને તેઓએ તેણીને ઘરમાંથી બહાર કાઢી મુકેલ અને તેણીને તેમજ તેણીના મમ્મીને જેમ તેમ બોલતા અને તેણીનો ફોન તેણીની પાસેથી લઈ લીધેલ અને તેણીના મમ્મીને ફોન કરવા દેતા નહી અને તેણીના સાસુ પણ ન બોલવાના શબ્દો બોલતા અને જેઠ પણ તેણીને જેમ તેમ કહેતા અને તેણીના પતિને ચડાવતા હતા અને સાસુ અને  માસીજી સાસુ એવુ કહેતા કે તેના છોકરા માટે તારા જેવી ચાર લઈ આવીશ  તારી જરુર નથી અને તેણીને તેના પતિ અને સાસરીયાઓએ મારકુટ કરીને કાઢી મુકેલ જેથી તેણી પોતાની માતાને ત્યા જતી રહેલ ત્યા એક મહિનો તેણીના પતિ તેડી જાય તેની વાટ જોયેલી પણ તેઓની તરફથી ફોન કે મેસેજ ન આવતા તેણીએ હાલની ફરિયાદ મહિલા પો સ્ટે રાજકોટ ખાતે કરેલી જે  અસલ ફરિયાદ બતાવવામાં આવે છે જેમા પોતાની ઓળખી બતાવી જે આંક-૩૦ થી રજૂ છે.

સદરહુ સાહેદ આરોપી તરફે વ.શ્રી ધ્વારા કરવામા આવેલ ઉલટ તપાસમા જણાવે છે કે,  મારી સગાઈ અને લગ્ન વચ્ચે નો ગાળો બે વર્ષ અને બે મહિનાનો છે. એ વાત ખરી છે કે આ બે વર્ષ દરમિયાન હુ મારા પતિને ઘરે જતી અને મારા પતિ અમારે પિયર ઘેર આવતા હતા. એ વાત ખરી છે કે મારા દાદી અને મારા સસરા સગામાં થતા હતા. એ વાત ખરી છે કે મારો પરિવાર અને મારા પતિનો પરિવાર વર્ષોથી એકબીજાના પરીચયમાં

છે. નીલોફરબહેન મારા માસી થાય છે. એ વાત ખરી છે કે તેનુ મકાન મારા પતિના મકાન થી ત્રણ ચાર મકાન પછી છે. એ વાત ખરી છે કે મારા લગ્ન બાદ મારા નાની ત્રણ ચાર માસ બાદ ગુજરી ગયેલા. એ વાત ખરી છે કે મારા નાની ગુજરી જતા હુ અને મારા પતિ મારા નાની દુધની ડેરી રાજકોટ ખાતે રહે છે ત્યા અમે ગયેલા જ્યા અમે બે દિવસ રોકાયેલા. એ વાત ખરી છે કે મારા મમ્મી અને મારો ભાઇ ઉપલેટા રહે છે. લગ્ન બાદ હુ મારા પતિ સાથે આઠ થી નવ દિવસ કાશ્મીર ફરવા ગયેલા. એ વાત ખરી છે કે મારા જેઠ અકરમભાઇ ડોકટર છે જે નોકરી ઉપર સવારે નીકળે અને સાંજે ઘરે આવે. મે ફરિયાદ નોંધાવિ તેના ૧૦–૧૫ દિવસ પહેલા  હુ મહિલા પો સ્ટે ગયેલી. એ વાત ખરી છે કે મહિલા પો સ્ટે ગયેલ ત્યા મારી પુછપરછ કરેલી. એ વાત ખરી છે કે પુછપરછ બાદ મને તથા મારા સાસરીયાઓને મહિલા પો સ્ટેશને ભેગા કરેલા. એ વાત ખરી છે કે ત્યા અમારા બન્નેના સગાઓ હાજર હતા. એ વાત ખરી છે કે મે આપેલી ફરિયાદ મે વાંચેલી છે. એ વાત ખરી છે કે મે મારી ફરિયાદ કરેલી તે પહેલા હુ દુધની ડેરી એચ.જે સ્ટીલ પાસે વિમાના દવાખાના પાસે એક થી દોઢ માસથી મારા પિયર હતી. એ વાત ખરી છે કે મારુ અને મારા પતિનુ લગ્ન જીવન આઠ માસનુ છે. એ વાત ખરી છે કે મારી ફરિયાદમાં મારા લગ્નજીવનના આઠ માસ દરમિયાન મે જે કોઇ આક્ષેપો મારા સાસરીયાઓ વિરુધ્ધ કરેલ છે તે આક્ષેપો કઇ તારીખે કે ક્યા સમયે કરેલ તે ક્યાય લખાવેલ નથી. એ વાત ખરી છે કે મારા સાસરીયાઓએ કોઇ મારકુટ કરેલ હોય અને મે સારવાર લીધેલ હોય તેવુ બનેલ નથી, સાહેદ સ્વેછાએ જણાવે છે કે મારા પતિ તથા સાસરીયાઓ મારકુટ કરતા. અમો મહિલા પો સ્ટે ગયેલ ત્યારે હુ તથા મારા મમ્મી તથા મારા માસી ગયેલા. એ વાત ખરી છે કે પોલીસે મારી પુછપરછ કરેલ ત્યારે મારા મમ્મી તથા માસી હાજર હતા. એ વાત ખરી છે કે મે ફરિયાદમાં સહી કરેલ ત્યારે માર મમ્મી તથા મારા માસી મારી સાથે હાજર હતા. એ વાત ખરી છે કે મે મારી ફરિયાદમાં એવુ જણાવેલ નથી કે, "મારા પિયર જવાનુ કહુ તો મારા પતિ તથા સાસુ બન્ને એકબીજાના બહાના કાઢી પિયર જવાની હા પાડતા નહી, મારા મમ્મી બીજા ઘરના ઘરકામ કરી ગુજરાન ચલાવતા

હોય તે બાબતે લઈને મારા સાસુ તથા મારા માસિ સાસુ તારી મા બિજાના ઘરના કામ કરીને રોટીના બટકા માટે આખો દિવસ બહાર પડી રહે છે તેવુ કહી મને અપમાનીત કરતા, મારા સાસુએ તથા મારા પતિએ મારા મમ્મીને ફોન કરીને કહેલ કે તારી છોકરીને તુ લઈ જા તે અમારે આજે પણ ન જોઈએ અને કાલે પણ ન જોઈએ, મારા મમ્મી મારા ઘરે આવેલા ત્યારે હુ તેમની સાથે જતી હતી ત્યારે મારા સાસુ અને મારા નણંદે તથા મારા માસી સાસુએ મારી બેગ ચેક કરેલી. અને મારા મમ્મી ત્યા આવે ત્યારે જેમ તેમ બધા બોલતા. મારા મમ્મી જ્યારે મને લેવા આવેલા ત્યારે બધા વાત કરતા હતા ત્યારે મારા હાથ ઉંચા કરી વાત કરતા મારા માસી સાસુએ મારા પતિને એવુ કહેલ કે તેનો હાથ તોડી નાખ આપડા ઘરમાં તેનો હાથ ઉંચો થવો ન જોઈએ, અને મને અને મારા મમ્મીને એવુ કહેલ કે બન્ને મા દિકરી નીકળો અહીથી અને ફરીવાર અમારા ઘરમાં પગ ન મુકતા, મારે તુ આજે પણ ન જોઈએ અને કાલે પણ ન જોઈએ,મને મારા પતિ અને સાસરીયાઓએ મારકુટ કરીને કાઢી મુકેલ. હુ મારી માતાને ત્યા જતી રહેલ ત્યા એક મહિનો મારા પતિ તેડી જાય તેની વાટ જોયેલી પણ તેમના તરફથી ફોન કે મેસેજ ન આવતા મે હાલની ફરિયાદ મહિલા પો સ્ટે રાજકોટ ખાતે કરેલી".

એ વાત ખરી છે કે મારી માતા અને મારા ભાઈ ઉપલેટા મુકામે રહે છે. મારા લગ્ન અને સગાઈ વચ્ચે બે વર્ષનો ગાળો છે. એ વાત ખરી છે કે આ બે વર્ષના ગાળામા મારા પતિ ઉપલેટા આવતા જતા અને હુ રાજકોટ આવતી જતી. આ સમયગાળા દરમિયાન મારા પિતાશ્રી સાથે મનદુખત થતા મારા પતિ મને તથા મારી માતાને રાજકોટ લઈ આવેલા. મારા પતિ સવારે ૦૯–૧૦ વાગ્યે ધંધા માટે ચાલ્યા જતા અને રાત્રે પરત આવતા અને પાછળથી ટીફીન મોકલવામાં આવતુ હતુ. એ વાત ખરી છે કે મારા લગ્નથી હાલમાં જે મે ફરિયાદ કરી ત્યા સુધીમા હુ ક્યારેય રીસામણે આવેલ નથી. હુ સવારે ૮–૯ વાગ્યા આસપાસ ઉઠતી હતી. એ વાત ખરી છે કે ઘરે કામવાળા બહેન પણ આવતા હતા. એ વાત ખરી છે કે લગ્ન બાદ હુ મોબાઈલથી મારા કુટુંબીજનો સાથે વાત કરતી હતી. એ વાત ખરી છે કે મારો ભાઈ મારા પતિના ધંધામાં આશરે બે માસ જેટલો સમય જોડાયેલો

હતો. એ વાત ખરી છે કે લગ્ન બાદ નવ માસ દરમિયાન અમારા સગા વ્હાલા દ્વારા લગ્નની દાવતો આપવામાં આવતી તેમા હુ અને મારા પતિ સાથે જતા હતા. એ વાત ખરી છે કે લગ્ન બાદ હુ ઘણી વખત મોબાઇલમાંથી ઝોમેટો માં ફુડ ઓર્ડર કરતી હતી.

(૧૦) ફરિયાદપક્ષે આંક-૩૧ થી સાહેદ રેશ્માબેન રફીકભાઇ ભોજાણીને સોગંદ પર જુબાનીમા જણાવે છે કે, ગઇ તારીખ ૨૫/૦૧/૨૦૨૪ ના રોજ્ મારી દિકરી જશ્મીન ઉર્ફે મહેકના લગ્ન રાજકોટના વતની અલ્તાફભાઇ નાઓ સાથે અમારી સમાજના રિતીરીવાજ મુજબ થયેલા જે લગ્ન ઉપલેટા મુકામે થયેલા. લગ્ન બાદ મારી દિકરી રાજકોટ ખાતે તેમના સાસુ નણંદ અને જેઠ સાથે સંયુકત પરિવારમાં રહેવા ગયેલા. જ્યા ત્રણ મહિના સુધી સારુ ચાલેલુ. બાદમાં બધી તકલીફો થવા લાગેલી જેમાં ઘરમેળે સમાધાન થયેલુ. ત્યારબાદ મારી દિકરી સાસરીયાના સાસુ નણંદ તથા જેઠ તથા માસીજી સાસુ તથા માસાજી સસરા મારી દિકરીને શારિરીક માનશીક દુખત્રાસ આપતા. કામ બાબતે સંભળાવતા અને મારી દિકરીના મારા બાબતે અને ગરીબ હોવા બાબતનુ કહી સંભળાવતા. અને અમારા ઘરમાં તારા આવ્યા પછી અનાજ અને મસાલા ખુટી ગયા છે અને તુ ઘર કામ કરતી નથી અને તારા મમ્મીને ત્યા તને મોકલી દેવી છે તેવુ કહી ત્રાસ આપતા. ફરિયાદ આપ્યા પહેલા મારી દિકરીને તેના સાસરીયે માથાકુટ થયેલી તે બાબતે મારા જમાઇ અલ્તાફભાઇએ મને ફોન કરી ત્યા બોલાવેલ અને હુ જયારે ત્યા ગયેલ ત્યારે ત્યા માથાકુટ ચાલુ હતી અને મારી દિકરીના વર્તન બાબતે અમોને સંભળાવેલ અને મારા જમાઇએ મને એવુ કહેલ કે તમે આને લઇ જાવ અને તે મારે આજે પણ ન જોઇએ અને કાલે પણ ન જોઇએ. અને મારી દિકરીના સાસુએ એવુ કહેલ કે તમારી દિકરી જેવી ચાર મળી જશે. મારી દિકરીએ સુટકેશ ભરેલી હતી તે ઝુટવી લીધેલ અને તેમા શુ છે તે બતાવવાનુ કહેલુ અને સુટકેશ મુકી કપડાની ઓઢણીમા કપડા ભરી જવાનુ કહેલ. સુટકેશ લઇ નહિ જવા દઉ તેવુ કહેતા તે તમારા દિકરાની વહુ છે તેમ કહેતા તેઓએ કહેલ કે હવે આ અમારે ત્યા જોઇએ જ નહી આજે પણ નહી

અને કાલે પણ નહી. અને મારી દિકરીને બીજી કોઈ વસ્તુ લેવા દીધેલ નહી એને માટે માત્ર ચાર જોડી કપડા લેવા દીધેલ. અને મારા સમજાવવા છતા તેઓએ મારી દિકરીને સ્વીકારવાની ના કહેલ અને મારા માસીજી સાસુ બોલેલ કે," મારી દિકરીએ હાથ બતાવીને વાત નહી કરવાની " અને મારા જમાઇને કહેલ કે, " તેનો હાથ ભાંગી નાખ હાથ શુ બતાવે છે " અને તેના માસાજી સસરા પણ જેમ ફાવે તેમ બોલતા. અને મારા જમાઇને પણ બધા ચડામણી કરતા અને મારી દિકરીને અને મને ધક્કા મારીને કાઢી મુકેલ અને મારી નજર સામે મારી દીકરીના જેઠ અને નણંદ મને અપશબ્દો બોલેલા. ત્યારબાદ આ બનાવ બાદ મારી દિકરીને હુ મારા ઘરે લઈ આવેલ જેના એક મહિના બાદ મારી દિકરીએ ફરિયાદ પતિ તથા સાસરીયા વિરુધ્ધ ફરિયાદ આપેલી. મારી દિકરી જ્યારે સાસરે હતી ત્યારે કોઈ બાબતે હુ તેના સાસુને ફોન કરુ તો તેઓ મારા જમાઇને ફોન કરવાનુ કહેતા અને મારા જમાઇને ફોન કરુ તો મારી દિકરીના સાસુને ફોન કરવાનુ કહેતા. અને કોઈજ જવાબ આપતા નહી.

સદરહુ સાહેદ આરોપી તરફે વ.શ્રી ધ્વારા કરવામા આવેલ ઉલટ તપાસમા જણાવે છે કે,એ વાત ખરી છે કે પો સ્ટેશને મારુ નામ સરનામુ અને મારી દિકરી વિશે પુછપરછ કરેલી. પોલીસ સ્ટેશને પોલીસે અમારુ કોઈ નિવેદન નોંધેલ નથી. પોલીસે પો સ્ટેમા મારી દિકરીનુ નિવેદન લીધેલ અમારુ નિવેદન લીધેલ નહી. પો સ્ટેશને હુ તથા મારા બહેન અને મારી દિકરી અને મારા મામા ગયેલા હતા. મારી દિકરી સીવાય કોઇના નિવેદન પો સ્ટેએ લીધેલ નહી.

(૧૧) ફરિયાદપક્ષે આંક–૩૪ થી સાહેદ રીઝવાનાબેન રહીમભાઈ કાલાવડીયાને સોગંદ પર જુબાનીમા જણાવે છે કે, મારી ભાણેજ જસ્મીન ઉર્ફે મહેકના લગ્ન રાજકોટના વતની અલ્તાફભાઈ નાઓ સાથે અમારી સમાજના રિતીરીવાજ મુજબ થયેલા જે લગ્ન ઉપલેટા મુકામે થયેલા. લગ્ન બાદ મારી ભાણેજ રાજકોટ ખાતે તેમના સાસુ નણંદ અને જેઠ સાથે સંયુકત

પરિવારમાં રહેવા ગયેલા.

એક દિવસ હુ તથા મારા બહેન ઘરે હાજર હતા ત્યારે અમારા જમાઇ અલ્તાફભાઈનો મારા બહેન ઉપર ફોન આવેલ કે તમે અત્યારે ને અત્યારે રીક્ષા કરીને આવો અને તમારી દિકરીને લઈ જાવ, મારે તમારી દિકરી આજે પણ ન જોઈએ અને કાલે પણ ન જોઈએ. જેથી હુ અને મારી બહેન ત્યા જતા તેઓએ અમારી સાથે ખુબજ ખરાબ વર્તન કરેલુ અને અમને અપશબ્દો કહેલા તથા મારી ભાણેજની બેગ તેઓએ તૈયાર રાખેલ તે અમે લેતા તેઓએ બેગ અમારી છે તેમ કહી ઓઢણીમાં કપડા બાંધીને લઈ જાવ તેમ કહી બેગ જુંટવી લીધેલી અને અમને ધકા મારીને ત્રણેયને બહાર કાઢી મુકેલ. મારી ભાણેજના માસીજી સાસુ ત્યા હાજર હોય અને બોલાચાલીમાં જસ્મીનબેનનો હાથ ઉંચો કરી વાત કરતા હોય તો હાથ કાપી નાખીશ તેવુ મારા ભાણેજને કહેલ. મારી ભાણેજના સાસુએ કહેલ કે તુ આને અત્યારે જ લઈજા મારા દિકરાને આવી એક નહી પણ ચાર કરાવી દઈશ. મારી ભાણેજના નણંદ  આપડે બોલી ન શકીએ તેવા ખરાબ શબ્દો અમને બોલેલ. ત્યારે મારી ભાણેજના જેઠ મારી ભાણેજને અમે કામવાળી તરીકે જ લાવેલ છીએ જેથી મારા ઘરના સભ્યોને ચિંતા નહી તેવુ બોલેલ, પરંતુ હવે તો જોઇતી જ નથી તેવુ કહેલ. મારી ભાણેજ જસ્મીનબેનના સાસુ તેને કહેતા કે તુ ઘરમાં આવી તો અમારા વર્ષ દિવસના મસાલા ખુટી ગયા. તે દિવસે અમે અમારી ભાણેજને તેડીને ઘરે આવી ગયેલ ત્યારથી લઇને આજદિન સુધી અમો તેડવા આવશે તેવી આશા સાથે બેસી રહેલ પરંતુ તેઓએ તેડવા આવવાના કોઈ પ્રયત્નો કરેલ નહી. ત્યારબાદ આ બનાવ બાદ મારી ભાણેજ ને અમે અમારા ઘરે લઈ આવેલ જેના એક મહિના બાદ મારી ભાણેજે તેના પતિ તથા સાસરીયા વિરુધ્ધ ફરિયાદ આપેલી. જે બાબતે મારી પોલીસે પુછપરછ કરેલી.

સદરહુ સાહેદ આરોપી તરફે વ.શ્રી ધ્વારા કરવામા આવેલ ઉલટ તપાસમા જણાવે છે કે, એ વાત ખરી છે કે હુ અને નિલોફર બન્ને બહેનો છીએ. એ વાત ખરી છે કે મારા બનેવીનુ નામ અમિનભાઇ છે. એ વાત ખરી છે કે અમિનભાઇ અને અલ્તાફભાઇ બન્ને કાકા બાપા ના ભાઇઓ છે. એ

વાત ખરી છે કે પો સ્ટેશને હુ અને મારી બહેન અને મારી ભાણેજ ગયેલ ત્યારે પોલીસે મારુ નામ સરનામુ પુછેલ. એ વાત ખરી છે કે પો સ્ટેશને પોલીસે શુ લખેલ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમા એવુ લખાવેલ નથી કે, " એક દિવસ હુ તથા મારા બહેન ઘરે હાજર હતા ત્યારે અમારા જમાઈ અલ્તાફભાઈનો મારા બહેન ઉપર ફોન આવેલ કે તમે અત્યારે ને અત્યારે રીક્ષા કરીને આવો અને તમારી દિકરીને લઈ જાવ, મારે તમારી દિકરી આજે પણ ન જોઈએ અને કાલે પણ ન જોઈએ. જેથી હુ અને મારી બહેન ત્યા જતા તેઓએ અમારી સાથે ખુબજ ખરાબ વર્તન કરેલુ અને અમને અપશબ્દો કહેલા તથા મારી ભાણેજની બેગ તેઓએ તૈયાર રાખેલ તે અમે લેતા તેઓએ બેગ અમારી છે તેમ કહી ઓઢણીમાં કપડા બાંધીને લઈ જાવ તેમ કહી બેગ જુંટવી લીધેલી અને અમને ધકા મારીને ત્રણેયને બહાર કાઢી મુકેલ. મારી ભાણેજના માસીજી સાસુ ત્યા હાજર હોય અને બોલાચાલીમાં જસ્મીનબેનનો હાથ ઉંચો કરી વાત કરતા હોય તો હાથ કાપી નાખીશ તેવુ મારા ભાણેજને કહેલ. મારી ભાણેજના સાસુએ કહેલ કે તુ આને અત્યારે જ લઈજા મારા દિકરાને આવી એક નહી પણ ચાર કરાવી દઈશ. મારી ભાણેજના નણંદ આપડે બોલી ન શકીએ તેવા ખરાબ શબ્દો અમને બોલેલ. ત્યારે મારી ભાણેજના જેઠ મારી ભાણેજને અમે કામવાળી તરીકે જ લાવેલ છીએ જેથી મારા ઘરના સભ્યોને ચિંતા નહી તેવુ બોલેલ, પરંતુ હવે તો જોઈતી જ નથી તેવુ કહેલ. મારી ભાણેજ જસ્મીનબેનના સાસુ તેને કહેતા કે તુ ઘરમાં આવી તો અમારા વર્ષ દિવસના મસાલા ખુટી ગયા.

(૧૨) ફરિયાદપક્ષે આંક-૩૬ થી સાહેદ સલીમ દાદાભાઈ મુલ્લાને સોગંદ પર જુબાનીમા જણાવે છે કે, ગઈ તારીખ ૨૫/૦૧/૨૦૨૪ ના રોજ મારી બહેનના દિકરી રેશ્માબેનની દિકરી જશ્મીન ઉર્ફે મહેકના લગ્ન રાજકોટના વતની અલ્તાફભાઈ નાઓ સાથે અમારી સમાજના રિતીરીવાજ મુજબ થયેલા જે લગ્ન ઉપલેટા મુકામે થયેલા. લગ્ન બાદ જશ્મિનબેન રાજકોટ ખાતે તેમના સાસુ નણંદ અને જેઠ સાથે સંયુકત પરિવારમાં રહેવા ગયેલા. જ્યા

ત્રણ મહિના સુધી સારુ ચાલેલુ. બાદમાં બધી તકલીફો થવા લાગેલી જેમાં ઘરમેળે સમાધાન થયેલુ. ત્યારબાદ જશ્મિનબેનના સાસરીયાના સાસુ નણંદ તથા જેઠ તથા માસીજી સાસુ તથા માસાજી સસરા જશ્મિનબેનને શારિરીક માનશીક દુખત્રાસ આપતા. કામ બાબતે સંભળાવતા અને જશ્મિનબેન ગરીબ હોવા બાબતનુ કહી સંભળાવતા. અને અમારા ઘરમાં તારા આવ્યા પછી અનાજ અને મસાલા ખુટી ગયા છે અને તુ ઘર કામ કરતી નથી અને તારા મમ્મીને ત્યા તને મોકલી દેવી છે તેવુ કહી ત્રાસ આપતા. ફરિયાદ આપ્યા પહેલા જશ્મિનબેનને તેના સાસરીયે માથાકુટ થયેલી અને તેમને મારીને કાઢી મુકેલા જે બાબતે મારા ભાણેજ રેશ્માબેનનો મને ફોન આવેલો અને બનાવની જાણ કરેલી. તેમનુ લગ્નજીવન દસેક મહિના જેટલુ ચાલેલુ.

સદરહુ સાહેદ આરોપી તરફે વ.શ્રી ધ્વારા કરવામા આવેલ ઉલટ તપાસમા જણાવે છે કે,એ વાત ખરી છે કે પો સ્ટેશને મારુ નામ સરનામુ અને જશ્મિનબેન વિશે પુછપરછ કરેલી જે નિવેદનમાં શુ લખેલ તે મે વાંચેલ નથી.

(૧૩) ફરિયાદપક્ષે આંક-૩૮ થી પોલીસ સાહેદ રેખાબેન મધુસુદભાઇ સાવલીયાને સોગંદ પર જુબાનીમા જણાવે છે કે,ગઇ તારીખ ૧૦/૦૧/૨૦૨૫ ના રોજ મારી નોકરી મહિલા પો સ્ટે ખાતે એ એસ આઇ તરીકે હતી તે દરમિયાન ફરિયાદી જસ્મિનબેન ઉર્ફે મહેકબેન આમદાણી નાઓએ તેમના પતિ અને સાસરીયા નાઓ વિરુધ્ધ બી. એન. એસ કલમ ૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૫૪ મુજબની ફરિયાદ મારા રુબરુની આપેલી જે દાખલ થઇ આગળની તપાસ અમોને સોંપવામાં આવેલી અને અમોએ આ કામે આરોપી અલ્તાફભાઇ તથા સાસુ મુમતાજબેન તથા નણંદ સબાનાબેન તથા જેઠ અકરમભાઇ તથા માસા સસરા અબ્દુલભાઇ તથા માસી સાસુ નસીમબેન નાઓને બી. એન. એસ. એસ કલમ ૩૫(૩) મુજબની નોટીસ આપેલી અને આ કામે લાગતા વળગતા સાહેદોના

નિવેદનો લીધેલા. અને મારી તપાસમાં આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલ. આજ રોજ મને એફ આઇ આર બતાવવામાં આવે છે જે મને તપાસના કામે આપવામાં આવેલ તે જ છે તેમા પી એસ ઓ તરીકે પણ મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે આ કામે રજુ આંક–૧૪ થી રજૂ છે આજ રોજ મને આક ૩૦ વાળી ફરિયાદ બતાવવામા આવે છે જે મારા રુબરુ આપવામા આવેલી જેમા રુબરુમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ. આ કામના આરોપીને જોયેથી ઓળખી શકુ છુ જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી.

સદરહુ સાહેદ આરોપી તરફે વ.શ્રી ધ્વારા કરવામા આવેલ ઉલટ તપાસમા જણાવે છે કે, એ વાત ખરી છે કે ફરિયાદી પો સ્ટે આવેલા અને રુબરુમા ફરિયાદ આપેલી. એ વાત ખરી છે કે આ ફરિયાદ બાબતે આરોપીના ઘરે જઈને કોઈ સ્થળ તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે ફરિયાદીની શારીરીક ત્રાસ બાબત અંગેના કોઈ પુરાવા આ કામે રજુ રાખેલ નથી.એ વાત ખરી છે કે આ કામે કોઈ મુદ્દામાલ કબ્જે કરેલ નથી. એ વાત ખરી છે કે ફરિયાદીએ પોતાની જે આપવીતિ જણાવેલ તે મુજબ ફરિયાદ લખી લિધેલ. એ વાત ખરી છે કે ફરિયાદમા ફરિયાદીએ સમાધાન કરવા માટે થોડો સમય માંગેલ પરંતુ સમાધાન થયેલ નહી જેથી બાદમા અરજી કરી અને ફરિયાદી કરેલ હોવાની હકીકત લખેલ છે તે સીવાય ફરિયાદની વિગતમા પતિ અને સાસરીયા તરફી શારિરીક માનશિક દુખત્રાસની વિગતો જણાવેલ છે. એ વાત ખરી છે કે આ કામે ફરિયાદ લેનાર તથા ચાર્જશીટ કરનાર અધિકારી અમો પોતે છીએ. એ વાત ખરી છે કે અમોએ સદરહુ ચાર્જશીટમાં સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી.

(૧૪) આ કામે આરોપી તરફે વિ.વ.શ્રી એ તેમની દલીલોમાં જણાવેલ છે કે, ફરીયાદી ધ્વારા આરોપી પર લગાવવામાં આવેલ આક્ષેપો ખોટા અને ઉપજાઉ છે અને ફરીયાદીએ હકીકત છુપાવેલ હોવાનુ જણાવેલ છે અને આરોપી તરફે વિ.વ.શ્રીએ ***તુકારામ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર તેમજ સચીન ગુપ્તા વિ. સ્ટેટ***

***ઓફ હરીયાણા*** ના ચુકાદાઓ પર આધાર રાખેલ છે. અને આરોપીને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે. તેમજ આ કામે એ. પી.પી.શ્રી આરોપી ને સજા આપવા અનુરોધ કરેલ છે.

(૧૫) આ કામના ગુનાના ગુણદોષની ચર્ચા કરતા પહેલા કાયદાકીય જોગવાઈને ધ્યાને લેવી જરૂરી જણાઈ છે. આ કામના ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ બી. એન. એસ. ની કલમ–૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૫૪ મુજબનો ગુનો કરેલ હોય તે અંગેની ફરીયાદ કરેલ છે. Criminal jurisprudence ના જનરલ પ્રિન્સીપલ Innocent until proven guilty beyond reasonable doubt ના નિયમ મુજબ જયાં સુધી આરોપી સમક્ષ ગુનો નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી તેને નિર્દોષ માનવો જોઈએ. વધુમાં Actori incumbit probatio લેટીન મેકિસમ મુજબ ક્રિમીનલ કેસમા પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર હોય છે. નામદાર વડી અદાલતે ઘણા બધા ચુકાદામાં ઠરાવેલ છે કે જયાં સુધી ફરીયાદ પક્ષ પોતાનો કેસ beyond reasonable doubt પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આ તબકકે ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ અને ૧૦૩ ધ્યાને લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

**Sec. 101 - Burden of proof**

Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist. When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person.

**Sec. 103 - Burden of proof as to particular fact.**

The burden of proof as to any particular fact lies on that person who wishes the Court to believe in its existence, unless it is provided by any law that the proof of that fact shall lie on any particular person.

વધુમા નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ચુકાદા ભલિન્દર સિંહ ઉર્ફે રાજુ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ ૧૯૯૪ ક્રિમીનલ લો જનરલ એસી પાના નંબર ઉપર જણાવેલ છે કે, Prosecution has to establish his case on his own legs, weakness of defense can not be used as circumstances in favour of prosecution. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે In ***Sharad Birdhichand Sarda v. State of Maharashtra***, **(1984) 4 SCC 116,** laid down the following five golden principles i.e. the ***panchsheel*** of the proof of a case based on circumstantial evidence:

(1) The circumstances from which the conclusion of guilt is to be drawn should be fully established. There is not only a grammatical but a legal distinction between 'may be proved' and "must be or should be proved". It is a primary principle that the accused must be and not merely may be guilty before a court can convict and the mental distance between 'may be' and 'must be' is long and divides vague conjectures from sure conclusions.

(2) The facts so established should be consistent only with the hypothesis of the guilt of the accused, that is to say, they should not be explainable on any other hypothesis except that the accused is guilty.

(3) the circumstances should be of a conclusive nature and tendency,

(4) they should exclude every possible hypothesis except the one to be proved, and

(5) there must be a chain of evidence so complete as not to leave any reasonable ground for the conclusion consistent with the innocence of the accused and must show that in all human probability the act must have been done by the accused.

**આરોપીઓ સામે આક્ષેપિત ગુનાઓ અંગેની જોગવાઈ જોવામાં આવે તો, બી. એન. એસ. ની કલમ–૮૫/ઈ. પી. કોડ ની કલમ ૪૯૮(ક) :–**

જે કોઈ સ્ત્રીનો પતિ અથવા તેના પતિનું સગું હોઈ, આવી સ્ત્રીને ત્રાસ આપે તેને ૩ વર્ષ સુધીની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

<u>સમજૂતી</u> : આ કલમના હેતુઓ માટે 'ક્રુરતા' એટલે,

(ક) એવા પ્રકારનુ ઈરાદાપૂર્વકનું વર્તન કે જે સ્ત્રીને આત્મહત્યા કરવા પ્રેરે અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડે અથવા જિંદગી, શરીરના કોઈ અવયવ કે (માનસિક કે શારીરિક) આરોગ્યને ભયમાં મુકવા પ્રેરવુ.

(ખ) સ્ત્રીને ત્રાસ, જયાં આવો ત્રાસ તેણી અથવા કોઈ પણ વ્યકિત કે જે તેણીના સગા થતા હોય તે દબાણથી કોઈ મિલકત કે કિંમતી જામીનગીરી માટેની કોઈ ગેરકાનૂની માંગણી પુરી કરે તે માટે હોય અથવા તે સ્ત્રી કે તેણીના સગા આવી માંગણી સંતોષી શકયા ન હોય તે માટે હોય.

જયારે ૪૯૮(ક) ની વાત થાય ત્યારે નામદાર સુપ્રિમકોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટ એમના તમામ ચુકાદાઓ અવારનવાર એવુ પ્રસ્થાપીત કરેલ છે કે જયારે કોઈ પણ આરોપી પર આઈ. પી. સી. કલમ –૪૯૮(ક) અંગે આક્ષેપ હોય તો ખરાઈ કરવા અનીવાર્ય છે એ જોવુ

કે રેકોર્ડ ઉપર એવા પુરાવા છે જેનાથી ફલીત થઈ શકે કે આ કામે લગાવેલ આક્ષેપ ખરેખર સાચા છે કે કેમ ? ૪૯૮(ક) કલમનુ દુરૂપયોગ કરવામાં પણ આવે છે જેથી જેટલુ જરૂરી છે ભોગબનનારને રક્ષણ મળવુ જોઈએ તેટલુ જ જરૂરી છે કે, એવા ખોટા કેસોમા કોઈ નિર્દોષ વ્યકિત હેરાન થાય નહી આ બાબતનુ ધ્યાન રાખવુ. જે અંગે નામદાર સર્વોચ્ચ ન્યાયાલય નિમ્નલિખિત ચુકાદાઓ ધ્યાન રાખવા અનિવાર્ય જણાઈ આવે છે. જેની ચર્ચા નીચે મુજબ છે.

State V. Dimple Nagpal & others. page 2 of 4 1996 sc 67, wherein it is held that :

"mere taunting for bringing insufficient dowry is distinct from demand of dowry. Though taunting for bringing insufficient dowry is also an uncivilized act but does not come within the purviews of section 498A IPC & hence, not sufficient to consitute offence u/s. 498A IPC."

Manju Ram Kalita v. State of Assam (2009) 12 SCC 33- & in In Girdhar Shankar Tawade V. State of Maharashtra, AIR 2002 SC 2078; this court held that "cruelty" has to be understood having a specific statutory meaninig provided in Section 498A I.P.C. and there should be a case of continuous state of affairs of torture by one to another."

"cruelty" for the purpose of Section 498-A I.P.C. is to be established in the context of S. 498A IPC as it may be different from other statutory provisions. It is to be determined / inferredby consdering the conduct of the man, weighing the gravity or seriousness of his acts and to find out as to whether it is likely to drive the woman to commit suicide etc. It is to be established that the woman has been subjected to cruelty continuously persistently or at least in close proximity of time of lodging the complaint. Petty quarrels cannot be termed as "cruelty" to attract the provision of Section 498-A IPC.Causing mental torture to the extent that it becomes

unbearable may be termed as cruelty."

In the case of K.V. Prakash Babu vs State Of Karnataka hon’ble supreme court has held that - “The aforesaid analysis of the provision clearly spells how coercive harassment can have the attributes of cruelty that would meet the criterion as conceived of under Section 498-A of the IPC. Thus, the emphasis is on any wilful conduct which is of such a nature that is likely to drive the woman to commit suicide. The mental cruelty which is engraved in the first limb of Section 498-A of the IPC has nothing to do with the demand of dowry. It is associated with mental cruelty that can drive a woman to commit suicide and dependent upon the conduct of the person concerned.In the case of K.V. Prakash Babu vs State Of Karnataka hon’ble supreme court has held that - “The aforesaid analysis of the provision clearly spells how coercive harassment can have the attributes of cruelty that would meet the criterion as conceived of under Section 498-A of the IPC. Thus, the emphasis is on any wilful conduct which is of such a nature that is likely to drive the woman to commit suicide. The mental cruelty which is engraved in the first limb of Section 498-A of the IPC has nothing to do with the demand of dowry. It is associated with mental cruelty that can drive a woman to commit suicide and dependent upon the conduct of the person concerned.

**બી. એન. એસ. ની કલમ–૧૧૫(૨)/ ઈ. પી. કોડની કલમ –૩૨૩ :– સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા માટે શિક્ષા:–**

જે કોઈ વ્યકિત, સ્વેચ્છાપુર્વક વ્યથા કરે, તેને એક વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીયા સુધીની દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**બી. એન. એસ ની કલમ–૩પર/ ઈ. પી. કોડની કલમ –પ૦૪:– સુલેહનો ભંગ કરવા ઉશ્કેરવા માટે ઈરાદાપૂર્વક અપમાન કરવા બાબત:–**

ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુનો કરે બેસે એવા ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુનો કરી બેસશે એવો સંભવ હોવાનુ જાણવા છતાં, જે કોઈ વ્યકિત, ઈરાદાપૂર્વક બીજી કોઈ વ્યકિતનુ અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનુ કારણ આપે, તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**બી. એન. એસ. ની કલમ–પ૪ / ઈ. પી. કોડ કલમ–૧૧૪ :–**

**ગુનો કરવામાં આવે ત્યારે દુષ્પ્રેરકની હાજરી**.પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પેરણના પરીણામે થયેલા જે કૃત્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઈ વ્યકિત શિક્ષાને પાત્ર થાય એવુ કૃત્ય, પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે એમ ગણાશે.

(૧૬) આમ, આ કામે રજુ થયેલ પુરાવાની હકીકતો જોવામાં આવે તો આ કામે બનાવની ફરિયાદ આપનાર ફરિયાદી પુજા સુરેન્દ્રકુમાર ભગત નો પુરાવો જોવામા આવે તો તેઓએ આરોપીઓ સામે હાલની આંક– ૧૪ વાળી ફરિયાદ નોંધાવેલ છે અને તેમની ફરિયાદમાં જણાવેલ હકિકત થી વિશેષ હકિકત જુબાનીમા જણાવેલ છે તેમજ ફરિયાદીએ તેમની જુબાનીમા જે જે હકીકત સરતપાસમા જણાવેલ છે તેને આનુસંગીક દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી તેમજ શારીરિક માનસીક ત્રાસ તથા અપમાન સબંધે કોઈ ચોકકસ પુરાવો રેકર્ડ ઉપર સ્પષ્ટ જણાવતા નથી તેમજ ફરિયાદથી વિશેષ

હકિકત જુબાનીમા જણાવે છે તે જોતા ફરિયાદ અને જુબાનીમાં મોટો વિરોધ્ધાભાસ આવે છે તેમજ આ કામે તપસવામા આવેલ અન્ય સાહેદો કે જે ફરિયાદીના માતા, માસી અને ભાઈ થાય છે તેમનો પુરાવો જોતા ફરિયાદીની ફરિયાદને સમર્થન આપવા પ્રયત્ન કરતા હોય તેવુ રેકર્ડ ઉપરની જુબાની જોતા જણાઈ આવે છે પરંતુ સાથો સાથ તેમની ઉલટ તપાસ જોતા આ કામે આરોપી સામે જે ગુનાના આક્ષેપ કરવામા આવેલ છે તેના આવશ્યક તત્વો જોતા તે પરિપૂર્ણ થતા નથી. તેમજ આ કામે આંક- ૩૧ ના સાહેદ રેશ્માબેન કે જે ફરિયાદીના માતા થાય છે તેમનો પુરાવો જોતા તેમની દિકરીને ઈજા થયાનો કોઇ મેડીકલ કાગળો રજુ કરેલ નથી .

વધુમા આ કામે આરોપીઓ સામે ચાર્જશીટમાં જણાવ્યા મુજબ બી. એન. એસ. ની કલમ-૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૫૪ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે તેના અનુસંધાને આ કામે ફરીયાદીની તથા સાહેદોની સમગ્ર જુબાની જોવામાં આવે અને સાથો સાથ આ બાબતે નામદાર વડી અદાલતના પ્રસ્થાપિત સિધ્ધાંત જોવામા આવે તો તે નીચે મુજબ છે.

આ કામે અત્રેની કોર્ટ તરફથી **ઈન્દ્રસીંગ એમ.રાઓલ વિ. ગુજરાત રાજય – ૨૦૦૦(૧) જી.સી.ડી. ૨૩૭ (ગુજરાત)** નાં ચુકાદામાં નામદાર વડી અદાલતે ઠરાવેલું છે કે, ફરીયાદીને માર મારવાનો કહેવાતો પ્રસંગ તેમજ અપમાનજનક ભાષા વાપરેલ તેવો મૌખિક પુરાવો ક્ષુલ્લક છે અને તે વિશ્વાસપાત્ર નથી અને તેનાથી ક્રૂરતા ગણી શકાય નહિં અને હેરાનગતિ કહેવાય નહિ. ઈ.પી.કોડની કલમ-૪૯૮(ક) માં જણાવ્યા મુજબ ફરિયાદીએ એવું સાબિત કરવાનું હોય છે કે, ક્રૂરતા અથવા કનડગત સહાય વગરની, તીવ્ર અને અસહય હોય છે અને સ્ત્રીને આપઘાત કરવા માટે અથવા પતિ અથવા સાસરીપક્ષની મારકુટ અને શારીરિક માનસીક ત્રાસ ઈરાદાપૂર્વક બળજબરી છે અથવા આવા પ્ર

કારનાં પુરાવાનાં અભાવે કહેવાતો એક માત્ર પ્રસંગ કહેવાતો ગુનો થવા માટે પુરતો ગણી શકાય નહિં. આ સંજોગોમાં રેકર્ડ ઉપરનાં કેસની હકીકત જોતાં ફરિયાદી દ્વારા જણાવ્યા મુજબ આરોપીઓ દ્વારા તેને શારીરિક અને માનસિક કનડગત કરવામાં આવેલ છે તે બાબતનો કોઈ ઠોસ પુરાવો રેકર્ડ ઉપર આવેલો નથી. આમ, ફોજદારી કાયદાનાં અને પુરાવાનાં કાયદાનાં સિધ્ધાંતો જોતાં ફરિયાદ પક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવાનો રહેતો હોય છે. **<u>૨૦૦૬ ક્રિમીનલ લો જરનલ પાના નં.૩૮૨૨ કુ.ચં દ્રાકર વિ. સ્ટેટ ઓફ છત્તીસગઢ</u>** નાં ચુકાદામાં નામદાર વડી અદાલતે ઠરાવેલું છે કે, ઈ.પી.કોડ કલમ-૪૯૮(ક) નાં ગુનાંનાં કામે ફરિયાદ પક્ષ દ્વારા પતિ અને તેનાં સાસરીયાઓ દ્વારા જે કંઈપણ ત્રાસ આપવામાં આવતો હોય તે જે તે સમય અને તારીખ સાથે જણાવવો જરૂરી રહે છે. આ ઓથોરીટીવાળા કેસમાં ફરિયાદ પક્ષ દ્વારા કહેવાતા ત્રાસ બાબતની પોલીસ ફરિયાદ લગ્ન જીવનનાં  ટૂંકા ગાળા બાદ કરવામાં આવેલી અને તેમાં કરવામાં આવેલા આક્ષેપો મુજબ સાસરીયાઓ દ્રારા કરવામાં આવેલ શારીરિક અને માનસિક ત્રાસ બાબતે કોઈ પુરાવો રજૂ રાખેલ નથી અને ફરિયાદ પક્ષ દ્રારા મોટો વિરોધાભાષ રજૂ થયેલ હોય અને તે સંજોગોમાં હાલના કેસની હકીકત જોતા હાલના કેસમાં ફરિયાદ પક્ષ દ્રારા કઈ તારીખે અને કયા સંજોગોમાં શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવેલ હોય તે હકીકત પુરવાર કરવામાં આવેલ નથી. ફરિયાદીની જુબાનીમાં જે વિરોધાભાષ રેકર્ડ પર આવેલ છે તેવા સંજોગોમાં આ સાઈટેશનનાં માર્ગદર્શક સિધ્ધાંતોનો લાભ બચાવ પક્ષને મળવા પાત્ર છે.

૫૦૪. ફરિયાદીનાં કેસ મુજબ આરોપીઓએ ફરિયાદીને ગાળો આપેલ,

પરંતુ ફરિયાદપક્ષે જો ઈ.પી. કોડની કલમ–૫૦૪ અન્વયેનો વ્યાજબી શંકાથી પર પુરવાર કરવો હોય તો આરોપીઓએ કયા પ્રકારની ગાળો આપી તે અંગેનાં અસલ શબ્દો રેકર્ડ પર આવવા જરૂરી છે. માત્ર ગાળો આપી તેટલું રેકર્ડ પર લાવવાથી ઈન્ડીયન પીનલ કોડની કલમ–૫૦૪ નો ગુન્હો પુરવાર થતો નથી. નામ. ગુજરાત હાઈકોર્ટે તેમનાં ચૂકાદા ***પ્રવિણ ભાઈ બેચરદાસ વણકર અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૭(૧), જી.એલ.એચ. ૩૩૭*** માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ ભારતીય ફોજદારી ધારાની કલમ–૫૦૪ માં લખ્યા પ્ર માણે અપમાન માત્ર ઈરાદાપૂર્વકનું જ નહીં, પરંતુ અપમાનીત વ્યકિતને જાહેર શાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગુન્હો કરવા ઉશ્કેરણી કરતું હોવું જોઈએ તેમજ તેનાં અસલ શબ્દો રેકર્ડ પર આવે નહીં ત્યાં સુધી એવું ઠરાવવું શકય નથી કે, આ પ્રમાણેનો ગુન્હો આચરવામાં આવેલો છે. જેથી હાલનાં કામે આરોપીઓએ ફરિયાદીને બનાવ સમયે શું ગાળો આપેલી, તે ગાળોના શબ્દો શું હતાં અને તેનાં પરિણામે ફરિયાદી કે સાહેદ સુલ ેહ–શાંતિનો ભંગ કરવા ઉશ્કેરાયેલાં કે કેમ ? તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ પર આવતો નથી. વધુમા નામદાર વડી અદાલતે તબકકાવાર અને વિવિધ કીસ્સાઓમાં એ પણ પ્રસ્થાપિત કરેલ છે કે, સુલેહ શાંતિનો ભંગ કરવા માટે અને બીજા વ્યકિત ઉશ્કેરાટ કરે તો ભારતીય દંડ સંહીતાની કલમ ૫૦૪ પુરવાર થાય નહીતર ન થાય. આ કામે નામદાર વડી અદાલતના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષ આરોપી સામે ભારતીય દંડ સંહીતાની કલમ ૫૦૪ મુજબનો ગુનો પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ રહી છે. કારણકે, આ કામે આરોપીએ શું ઉચ્ચાર્યુ હતુ અને તેના ઉચ્ચારવાથી સુલેહ શાંતિનો ભંગ થયો છે કે કેમ તે ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. જેથી ફરીયાદપક્ષ આરોપી સામે

ભારતીય દંડ સંહીતાની કલમ ૫૦૪ મુજબનો ગુનો પુરવાર કરી શકેલ નથી.

(૧૭) આમ, હાલના કામે ફરિયાદપક્ષે ઉપરોકત રજુ થયેલ તમામ મૌખીક પુરાવો તથા દસ્તાવેજી પુરાવો તથા ફરિયાદપક્ષે રજુ થયેલ દલીલ અને તેમા રીફર કરેલ ચુકાદો સાથે આ કામે ફરિયાદીની જુબાની સરતપાસ માં જણાવેલ હકીકતનું ખંડન ઉલટ તપાસમાં થાય છે તેમજ ફરિયાદમાં જણાવેલ હકીકત થી વિશેષ અનેકોનેક હકીકત ફરિયાદીએ તેમના પુરાવામાં સરતપાસમાં જણાવેલ છે જે હકીકત ફરિયાદમાં જણાવેલ નથી તેમજ ફરિયાદીની રજુ થયેલ ઉલટ તપાસ જોતા પણ અનેકો બાબત કે જે ફરિયાદમાં જણાવેલ નથી તે જોતા ખુદ ફરિયાદી કે જેઓએ આરોપીઓ સામે ફરિયાદ નોંધાવેલ છે તે ફરિયાદ થી વિશેષ હકીકત કોર્ટ રૂબરુ પ્રથમ વખત પુરાવામા જણાવેછે તે જોતા ફરિયાદીનો પુરાવો વિસ્વસનીય, ભરોસાપાત્ર અને આધાભુત હોવાનું માની શકાય તેમ નથી તેમજ ફરિયાદીના પુરાવાને ખુદ અન્ય સાહેદ કે જે તેમના ભાઈ થાય છે કે જેઓ હીયર સે સાહેદ છે બનાવ વિશે સાંભળેલી હકીકત જણાવે છે તેમના પુરાવાથી પણ સમર્થન મળતું નથી તેમજ ફરિયાદીને ઈજા થયેલ હોવાનું જણાવેલ છે તેમજ આરોપીઓ ધ્વારા માર મારવામા આવેલ હોવાનુ ફલીત થતું નથી. ત્યારે પુરાવાની સાંકળ કે જે એક કડી, બીજી કડી સાથે અતુટ જોડાયેલ હોવી જોઈએ તે મુજબનો પુરાવો રજુ થયેલ નથી. આમ ફરિયાદપક્ષે આરોપીઓ સામેનો તહોમત મુજબનો કેસ અને આક્ષેપીત ગુનાના આવશ્યક તત્વો તેમજ જુબાની જોતા પરીપૂર્ણ થતા નથી તે સંજોગોમા ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો તહોમત મુજબનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેથી મુદ્દા નંબર-૧ "નકારમાં" નિર્ણિત કરી મુદ્દા નંબર-૨ અન્વયે

નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## :: હુ ક મ ::

આ કામના આરોપીઓને બી. એન. એસ. એસ. ની કલમ–૨૭૧(૧) અન્વયે બી. એન. એસ. ની કલમ–૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામના પ્રત્યેક્ષ આરોપીઓઅે રૂા.૫,૦૦૦/– ના સધ્ધર જામીન તથા જાત મુચરકા અપીલ સમય સુધીના રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ ૦૭ માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં ચુકાદો વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.

તા. ૦૭/૦૫/૨૦૨૬

**(મિતલબેન દિલીપસિંહ જાદવ)**
૮મા અધિક જ્યુડી.મેજી.ફ.ક.,
**રા જ કો ટ.**
UIC NO.GJ01746